સર્વ સંમતિથી બિનહરીફ ચૂંટાતી ગ્રામ પંચાયતોને આપવામાં આવતા પ્રોત્સાહક અનુદાન અંગેની "સમરસ યોજના" અન્વયે સતત ચોથીવાર સમરસ થતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવા બાબત.

ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક :-ચટણ/૧૦૧૧ /૧૬૭૪/ગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૮/૧૧/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૯/૧૧/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૧૧/૧૬૭૪/ગ.

(૨) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો તા.૦૫/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:- સમર/૧૦૨૦૧૫/૧૮૨૫/ગ.

(૩) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૦૮-૦૭-૨૦૧૬નો પત્ર ક્રમાંક: વિક/કાયદા/ યુ.૪/ વશી/૨૦૧૬.

આમુખ:-

રાજ્યમાં તા.૦૧/૦૪/૧૯૬૩થી ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં આવેલ છે. આ પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત પાયાનો એકમ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ સર્વ સંમત્તિ અને વિના વિરોધે થાય તો વિકાસ માટેનું હકારાત્મક વાતાવરણ સર્જાઈ શકે અને ગામ કક્ષાએ સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાથી સ્થાનિક પ્રજા વિકાસના કામોમાં ઉમંગભેર ભાગ લે તેવા ઉમદા અને શુભ હેતુથી તા.૧૪/૦૭/૧૯૯૨થી ગુજરાત રાજ્યમાં **"સમરસ ગામ યોજના"** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાના પ્રોત્સાહક પરિણામો અને ગ્રામ પંચાયત વિસ્તારના નાગરિકોમાં વધુ ને વધુ બળવત્તર થતી સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાની ભાવના તેમજ આવી ગ્રામ પંચાયતોએ હાંસલ કરેલી વિકાસના કામોની સિધ્ધિઓથી પ્રોત્સાહિત થઈને રાજ્ય સરકાર દ્વારા આ સમરસ યોજના હેઠળ આપવામાં આવતા પ્રોત્સાહક અનુદાનની રકમમાં સમયાંતરે વધારો કરવામાં આવેલ છે.

છેલ્લે ઉપરોક્ત સંદર્ભ-(૧)માં દર્શાવેલ તા. ૨૯-૧૧-૨૦૧૧ના ઠરાવથી સતત ત્રીજી વખત સમરસ ગામ બને તો તેવી પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવાની જોગવાઇ થયેલ છે. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સતત ચોથીવાર સમરસ ગામ થાય તો આવી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવા ઉપરોક્ત સંદર્ભ-(૩)માં દર્શાવેલ પત્રથી દરખાસ્ત કરવામાં

આવેલ હતી. જે મુજબ સતત ચોથીવાર સમરસ ગામ થાય તો આવી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સમરસ યોજનામાં ગ્રામ પંચાયતોનો સર્વાંગી વિકાસ થાય, ગ્રામ પંચાયતો આર્થિક રીતે સધ્ધર બને, વિકાસની ઉજળી તકો પ્રાપ્ત થાય અને હકારાત્મક વાતાવરણમાં સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાથી સ્થાનિક પ્રજા વિકાસના કામોમાં ભાગ લે તથા રાજ્યમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ સર્વસંમતિથી, વિના વિરોધે અને વેરઝેર વગર શાંતિપૂર્ણ રીતે થાય તેવા હેતુથી સતત ચોથીવાર સમરસ થતી ગ્રામ પંચાયતોને સામાન્ય સમરસના કિસ્સામાં અને મહિલા સમરસના કિસ્સામાં નીચે મુજબનું પ્રોત્સાહક અનુદાન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**સામાન્ય સમરસના કિસ્સામાં**

| ક્રમ | ગ્રામ પંચાયતની વસ્તી | સતત ચોથી વખતની ચૂંટણીઓમાં સામાન્ય સમરસ બને તો આપવામાં આવતા પ્રોત્સાહક અનુદાનની રકમ. |
|---|---|---|
| ૧. | ૫૦૦૦ સુધી | રૂ|.૩,૫૦,૦૦૦/- તથા સંદર્ભ-(૨) પરના વિભાગના તા. ૦૫-૧૨-૨૦૧૫ના ઠરાવ મુજબના વિકાસના કામો માટે રૂ|.૩,૦૦,૦૦૦/- |
| ૨. | ૫૦૦૧ થી ૨૫૦૦૦ સુધી | રૂ|.૫,૦૦,૦૦૦/- તથા સંદર્ભ-(૨) પરના વિભાગના તા. ૦૫-૧૨-૨૦૧૫ના ઠરાવ મુજબના વિકાસના કામો માટે રૂ|.૩,૦૦,૦૦૦/- |

**મહિલા સમરસના કિસ્સામાં**

| ક્રમ | ગ્રામ પંચાયતની વસ્તી | સતત ચોથી વખતની ચૂંટણીઓમાં મહિલા સમરસ બને તો આપવામાં આવતા પ્રોત્સાહક અનુદાનની રકમ. |
|---|---|---|
| ૧. | ૫૦૦૦ સુધી | રૂ|.૫,૦૦,૦૦૦/- તથા સંદર્ભ-(૨) પરના વિભાગના તા. ૦૫-૧૨-૨૦૧૫ના ઠરાવ મુજબના વિકાસના કામો માટે રૂ|.૩,૦૦,૦૦૦/- |
| ૨. | ૫૦૦૧ થી ૨૫૦૦૦ સુધી | રૂ|.૮,૦૦,૦૦૦/- તથા સંદર્ભ-(૨) પરના વિભાગના તા. ૦૫-૧૨-૨૦૧૫ના ઠરાવ મુજબના વિકાસના કામો માટે રૂ|.૩,૦૦,૦૦૦/- |

૨. આખી ગ્રામ પંચાયત – સરપંચની ચૂંટણી સહિત સમરસ પંચાયત બનાવવાની રહેશે તથા સમરસ યોજના અંગેના અન્ય તમામ નિયમો લાગુ પાડવાના રહેશે.

૩. સમરસ યોજનાને લગતા સંદર્ભ-(૨)માં દર્શાવેલ વિભાગના તા. ૦૫-૧૨-૨૦૧૫ના ઠરાવમાં દર્શાવેલ તમામ શરતો તથા સમરસ યોજનાને લગતી અન્ય તમામ શરતો યથાવત રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૭૦, મુખ્ય સદર -૨૫૧૫-અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ, ગૌણ સદર –૮૦૦- અન્ય ખર્ચ, પેટાસદર -૦૧, સીડીપી-૧૧, પંચાયતોની ચૂંટણી હેઠળ આયોજન સદરની ગ્રાન્ટમાંથી મેળવવાના રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૬/૧૦/૨૦૧૬ અને સરકારશ્રીની તા.૧૮-૧૧-૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વનરાજસિંહ પઢારીયા )
નાયબ સચિવ
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (પંચાયત) સ્વતંત્ર હવાલો, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પંચાયત), પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.
- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- વિકાસ કમિશ્નરશ્રી, બ્લોક નં:-૧૬/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, બ્લોક નં:-૧૬/3, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, લોકલ ફંડ ઓડીટ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. સર્વે નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી (આઇટી,પંચાયત) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર...તરફ વિભાગની વેબ સાઇટ ઉપર તાત્કાલિક પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ...
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- પસંદગી ફાઈલ.